ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૩-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

શું તરસ લાગ્યે કૂવો ખોદવાની રીત બરાબર ગણાય ?

ગુજરાત સરકારે આખરે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના દસ જિલ્લા ઘણા તાલુકાના ૯૩૯ ગામો અછતગ્રસ્ત અને ૨૯૭૯ ગામો અર્ધઅછતગ્રસ્ત જાહેર કર્યાં છે. જે ગામો અછતગ્રસ્ત જાહેર કરાયાં છે, ત્યાં ચાલુ વર્ષે ચાર આની કરતાં ઓછો પાક થયો છે. જ્યારે અર્ધઅછતગ્રસ્ત ગામોમાં ચારથી છ આની વચ્ચે પાક થયો છે. સપ્ટેમ્બરના અંતે આ બાબત સ્પષ્ટ થઇ ગઇ હોવા છતાં સરકારે અછત જાહેર કરવા અકળ કારણોસર વિલંબ કર્યો હતો તે સાબિત થયું છે. કદાચ તે પહેલેથી જ અછતની પરિસ્થિતિ જાહેર કરવા બાબતે દુવિધામાં હતી. ચોમાસાના આખરી તબક્કામાં સારો વરસાદ થતાં રાજ્ય દુષ્કાળના જડબામાં ધકેલાઇજતાં બચી ગયું. પાછોતરા વરસાદના કારણે ઘાસચારાની પરિસ્થિતિ થોડી સુધરી પણ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પાણીની સ્થિતિ ઘણી ગંભીર છે. ચોમાસાની ઋતુના મધ્ય ભાગમાં જ્યારે સ્પષ્ટ બન્યું કે આ વખતે વરસાદનું પ્રમાણ સરેરાશ કરતાં ઓછું છે. ત્યારે કેન્દ્રના ખેતી પ્રધાન શરદ પવારે એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સના સભ્યો સાથે ગુજરાત સહિતના સંભવિત દુષ્કાળગ્રસ્ત રાજ્યોની મુલાકાત લીધી હતી. એ વખતે રાજ્ય સરકારે વરસાદના ખાધનાં આંકડા રજૂ કરી રૂપિયા ૧૪૬૮૩ કરોડના પેકેજની માગણી કરી હતી. ઓગસ્ટ માસમાં એ જ વેળા રાજ્ય સરકારે ૧૪ જિલ્લાનાં ૧૫૨ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યાં હતા. ચોમાસાના અંતભાગમાં સારો વરસાદ થતાં રાજ્ય સરકારે તેનો નિર્ણય ફેરવ્યો. હવે લગભગ છ માસ બાદ અછત જાહેર કરવામાં આવી તે સૂચવે છે કે પરિસ્થિતિનો તાગ મેળવવામાં તેણે ગોથું ખાધું છે. ચોમાસું ચાલું હતુ અને પૂરૂં થયું ત્યારે પણ સૌરાષ્ટ્ર-કચ્છમાં પીવાના પાણીની ખેંચ હતી. એ વેળા અછત જાહેર કરી લોકોને રાહત આપવામાં કાર્યવાહી શરૂ કરાઇ હોત તો આજે વૈકલ્પિક વ્યવસ્થા કદાચ અમલી બની હોત.

સમગ્ર ઘટનાક્રમ જોતાં દુષ્કાળ-અછત બાબતે રાજ્ય સરકારે રહસ્યમય અભિગમ અપનાવ્યો છે. ચૂંટણી સભાઓમાં અને અન્ય પ્રસંગોને મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારના પ્રધાનો અમે ગુજરાતમાંથી ટેન્કર રાજને દેશવટો આપ્યો છે, એવી ગુલબાંગ ફેંકવાથી થાકતાં નહોતા. પાણીની તીવ્ર તંગીના કારણે ટેન્કરો મારફત પાણીનું વિતરણ કરવું પડે તેમાં સરકારને પ્રતિષ્ઠા ગુમાવવાનો ડર હોય કે બીજું કોઇ કારણ, રાજ્યના હજારો ગામો આજે પાણી વિના ટળવળે છે. સૌરાષ્ટ્ર-કચ્છની પાણી સમસ્યા બાબતે જ્યારે પણ પ્રધાનોને સવાલ કરવામાં આવ્યા ત્યારે એક જ જવાબ અપાતો હતો કે અમે લોકોને તરસ્યા નહીં રાખીએ, ફલાણે ઠેકાણે નહેર અને પેટા નહેરનું આયોજન છે, એક-બે મહિનામાં તૈયાર થઇ જશે, એવા આશ્વાસન અપાયા હોવા છતાં સૌરાષ્ટ્ર-કચ્છના શહેરો અને તાલુકા મથકોએ એકાંતરાથી માંડી દસ દિવસે એકવાર માંડ પાણી અપાય છે.

ચોમાસા આડે હવે ભલે ત્રણ મહિના બાકી હોય, ઉનાળાના આકરા દિવસોમાં પાણીની સમસ્યા વિકરાળ બનવામાં એંધાણ છે. અછત જાહેર કરતાં સરકાર ઘાસચારો સબસિડાઇઝર દરે આપી શકે, અછતકાર્યો શરૂ કરી શકે પણ રાતોરાત પાણી ક્યાંથી લાવશે?

સમગ્ર રાજ્યમાં 'વિશ્વ જળ દિવસ' અને 'જળ સહયોગ સપ્તાહ'ની ઉજવણી સંપન્ન

ગાંધીનગર, તા.૩૦

સમગ્ર વિશ્વમાં ૨૨ માર્ચ 'વિશ્વ જળ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સંયુકત રાષ્ટ્ર (યુ.એન.) દ્વારા ૨૦૧૩ના વર્ષને વિશ્વ કક્ષાએ 'જળ સહયોગનું આંતરરાષ્ટ્રીય વર્ષ' તરીકે જાહેર કરવામાં આવેલ જે સંદર્ભે વિશ્વના દરેક ખૂણે ખૂણે પાણી અંગેનું ચિંતન કરતા કાર્યક્રમો યોજાઈ રહેલ છે.

વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) દ્વારા ગ્રામિણ પેયજળ વ્યવસ્થાપનમાં પાણી સમિતિઓની સાથે મળીને સમગ્ર રાજ્યમાં આમૂલ પરિવર્તન લાવી રહ્યા છે. સમગ્ર રાજ્યમાં વિશ્વ જળ દિવસનું મહત્વ અને સમજ ઉભી થાય તથા પાણી બચાવ અંગે જાગૃતિ કેળવાય તે હેતુથી ૧૮ માર્ચથી ૨૨ માર્ચ ૨૦૧૩ દરમિયાન જળ સહયોગ થીમ ઉપર 'જળસહયોગ સપ્તાહ' અને 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ. 'વપરાશકારો જ શ્રેષ્ઠ વ્યવસ્થાપકો' છે એવી શ્રદ્ધા સાથે ગ્રામિણ સમુદાયને વધુને વધુ સામેલ કરવાના હેતુથી ગ્રામિણ કક્ષાએ પીવાના પાણીનું વ્યવસ્થાપન સંભાળી રહેલી પાણી સમિતિ, પંચાયતો, સ્થાનિક કાર્યકરો, તાલુકા અને જિલ્લા કક્ષાના કર્મચારીઓને કાર્યક્રમમાં સામેલ કરવામાં આવેલ.

જળ સહયોગ સપ્તાહની ઉજવણી દરમિયાન શાળાઓમાં બાળકો સાથે ચિત્ર, વકતૃત્વ, નિબંધ સ્પર્ધાઓ યોજી ઉત્કૃષ્ટ દેખાવ કરનાર બાળકોને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવેલ. આંગણવાડી કાર્યકર, આશા કાર્યકરોને પાણી ગુણવત્તા અંગેની તાલીમ આપવામાં આવી હતી અને સ્થાનિક કક્ષાએ જ પાણીની ગુણવત્તા ચકાસણી કેવી રીતે કરી શકાય તેનું નિદર્શ કરવામાં આવેલ. ગ્રામ સફાઈ, પીવાના પાણીના ઘટકોની આસપાસ સફાઈ ગામમાં સ્વચ્છ ઘરની હરિફાઈ જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સમગ્ર સપ્તાહ દરમિયાન રાજ્ય સ્તરેથી લઈને ગ્રામ્ય સ્તર સુધી કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં ગ્રામ્ય સ્તરે ૩૮૬ ગામોમાં, ૨૫ તાલુકા કક્ષાએ અને ૨૨ માર્ચ વિશ્વ જળ દિવસ નિમિત્તે રાજ્ય સ્તરે એક કાર્યક્રમ ગાંધીનગરમાં અને તમામ ૨૬ જિલ્લાઓમાં કાર્યક્રમો યોજાયા હતા. વિવિધ સ્તરે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં સ્ત્રી, પુરૂષો, બાળકો મળી કુલ ૩૨૪૧૪ જેટલી મોટી સંખ્યામાં અલગ અલગ કાર્યક્રમોમાં સહભાગીઓએ જળ સહયોગ અંગે ચિંતન કર્યુ હતું. જેમાં ગ્રામજનો, શાળા/કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો આંગણવાડી કાર્યકરો, આશા કાર્યકરો, સરપંચો, પાણી સમિતિના સભ્યો, તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, નિષ્ણાતોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો અને પરસ્પર જળ સહયોગ અંગે સમજ ઉભી કરી હતી.

વાસ્મો દ્વારા ચાલુ વર્ષે 'પાણી સમિતિ પુરસ્કાર'નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પોતાના ગામમાં પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા સુંદર રીતે ઉભી કરેલ હોય અને ઉભી કરવામાં આવેલ યોજનાની મરામત-નિભાવણી અને સંચાલન પાણી સમિતિઓ દ્વારા શ્રેષ્ઠ રીતે સંચાલિત કરવામાં આવતી હોય તેવા ગામોની પાણી સમિતિઓનું જિલ્લા કક્ષાએ અને ઝોન કક્ષાએ મૂલ્યાંકન કરવામાં આવેલ. જેમાં જિલ્લા કક્ષાએ અને ઝોન કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિયક્રમે આવેલ સમિતિઓને રોકડ રકમ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ. જિલ્લા કક્ષાએ યોજાયેલ કાર્યક્રમોમાં જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને વરિષ્ઠ અધિકારીએ હાજરી આપી પાણી સમિતિઓને સન્માનિત કરી પ્રેરક ઉદબોધન આપેલ. શ્રેષ્ઠતાના આ ઉદાહરણોથી અન્ય હાજર પાણી સમિતિઓનું માર્ગદર્શન અને ક્ષમતાવર્ધન થયેલ.

ગુજકેટ ઓનલાઈન નોંધણી પ્રક્રિયા વિધિવત રીતે શરૂ થઈ

વિદ્યાર્થીઓ ૧૫મી એપ્રિલ સુધીમાં નોંધણી કરાવી શકશે

અમદાવાદ, તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ)નું આયોજન કરવામાં આવ્યું છે આ માટે વિદ્યાર્થીઓ ઓનલાઈન રજીસ્ટ્રેશનનું શનિવારથી પ્રારંભ થઈ ગયો છે અને વિદ્યાર્થીઆ ૧૫ એપ્રિલ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.

ધોરણ ૧૨ સાયન્સ પછી મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે નીટની પરીક્ષાને લગતો કેસ અત્યારે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. તેથી સુપ્રીમ કોર્ટનો ચુકાદો ન આવે ત્યાં સુદી વચગાળાના માર્ગ તરીકે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષ ગુજકેટની પરીક્ષા ૯મે ૨૦૧૩ના રોજ લેવામાં આવનારી છે. જેના માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાની પ્રક્રિયાનો શનિવારથી પ્રારંભ થઈ ગયો છે અને ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ ૧૫ એપ્રિલ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે. આ માટેની માહિતી પુસ્તિકા અને પીન નંબર બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલા વિતરણ કેન્દ્ર પરથી વિદ્યાર્થીઓ મેળવી શકશે. ગુજકેટની પરીક્ષા માટે બોર્ડ દ્વારા વિદ્યાર્થી દીઠ ૨૫૦ રૂપિયાની પ્રવેશ પરીક્ષા ફી ચુકવવાની રહેશે જે માટે વિદ્યાર્થીઓ સચિવ શ્રી ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ સેલ, ગાંધીનગર,ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ મેળવી તેનો નંબર ઓનલાઈન ફોર્મમાં ભરવાની રહેશે.

શ્રી એકલવ્ય એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા વિશ્વ જળ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ખાતે શ્રી એકલવ્ય એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા તા. ૨૨મી માર્ચ-૨૦૧૩ના રોજ વિશ્વ જળ દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે લોકોને પક્ષી પરબનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ લોકોને વિશ્વ જળ દિન નિમિત્તે એક સંકલ્પ કરી વિવેકપૂર્વક પ્રાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અને વધુમાં વધુ પાણી બચાવવા જણાવ્યું હતું અને આ અંગે નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરવા લોકોને અપીલ કરવામાં આવી હતી. વિશ્વ જળ દિવસ નિમિત્તે સંસ્થાના પ્રમુખશ્રી હરેશ સિસારા દ્વારા ઉપસ્થિત લોકોને વિવેકપૂર્વક પાણીનો ઉપયોગ કરવા અને વધુમાં વધુ પાણી બચાવવાના જુદા જુદા ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના શ્રી અરવિંદ ક્વાડ, વિનુ સિસારા, શ્રી હિતેશ દુધરેજીયા તેમજ શ્રી જયેશ આંબલીયા ખાસ હાજર રહ્યા હતા.

આ તમારા ખીસ્સાને પણ ભૂકંપ ન થાય તેવા ભૂકંપ પ્રુફ મકાનની ડિઝાઇન છે જેમાં ફક્ત બે લાકડાની વળી અને કંતાનનો ઉપયોગ કરેલ છે.

યોગાચાર્ય સ્વામી રામદેવજીના સાનિધ્યમાં મહિલા મહાસંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ભારત સ્વાભિમાન અને પતંજલિ યોગ સમિતિ, ગુજરાત પ્રાંત દ્વારા, મહિલા સશકિતકરણ અન યોગ દિક્ષા મહાસંમેલન ૧૧મી એપ્રિલ ૨૦૧૩ને ગુરૂવારે રાજકોટ ખાતે યોજાશે. યોગઋષિ રામદેવજી પ્રેરિત મહિલા સશકિતકરણ અને યોગ દિક્ષા મહાસંમેલન ૧૧મી એપ્રિલ ૨૦૧૩ને ગુરૂવારે રાજકોટ ખાતે યોજાશે.

યોગઋષિ રામદેવજી પ્રેરિત મહિલા સશકિતકરણ અને યોગ દિક્ષા મહાસંમેલન દેશના દરેક રાજ્યમાં યોજાશે. જેના પ્રથમ ચરણરૂપે ભારત સ્વાભિમાન અને પતંજલિ યોગ સમિતિ, ગુજરાત પ્રાંત દ્વારા રેસકોર્સ મેદાન, રાજકોટ ખાતે તા. ૧૧મી એપ્રિલ ૨૦૧૩ ને ગુરૂવારે સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી યોજાશે. સ્વામી રામદેવજીના સાંનિધ્યમાં અને મહિલાઓની વિશાળ સંખ્યામાં મહિલા મહાસંમેલન યોજાશે. આ પ્રકારના મહિલા સશકિતકરણ અને યોગદિક્ષા મહાસંમેલન રાજ્યના દરેક જિલ્લામાં પણ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આ મહિલા મહાસંમેલનમાં નારી શકિત પ્રદર્શિત થઈ શકે તે માટે મોટી સંખ્યામાં મહિલાઓ ભાગ લઈ શકે તેવું આયોજન કર્યું છે.

ફિઝિકલ ફિટનેસ

– કાન્તિભાઈ રા. પટેલ

વજન વધવાનું મુખ્ય કારણ ચરબીનો વધારો

"તમારૂં વજન વધારે છે?" એ લેખાંકમાં આપણે શરીર સંયોગીકરણ **(Body Composition)** એટલે કે, શરીરના સ્નાયુઓ, ચરબી, હાડકાં, કોષજાળો, **(Tissues)** અને આંતરિક અવયવોનો જથ્થો હોવાનું જાણી ગયા હતા. આ જથ્થાના વિવિધ ઘટકોમાં, વધતી ઉંમર સાથે વધારો થયો હોય છે. આ ઘટકોમાં "ચરબી" જ એક એવો ઘટક છે, જેમાં જો ખોરાકના ચરબી પ્રેરક પદાર્થોનું પ્રમાણ વધી જાય તો આપણા શરીરમાં ચરબી વધવા લાગે છે, જે સમય જતાં શરીરના વજનમાં ઘણો વધારો કરે છે. આ વધતી જતી ચરબી આપણા શરીરમાં કુચાં જમા થાય છે તે પહેલાં જાણીએ.

આપણા શરીરમાં હાડકાંની ઉપર સ્નાયુઓ હોય છે તથા સ્નાયુઓની ઉપર અને ચામડીની નીચે ચરબી જામેલી હોય છે, જે સામેની આકૃતિ ઉપરથી સ્પષ્ટથી સમજાશે.

ડર્મિન અને વૉમર્સલી **(Darmin and Womersey)** વૈજ્ઞાનિકોએ ૧૯૭૪માં શરીરના જુદા જુદા ચાર ભાગો ઉપર આવેલા જે તે સ્નાયુઓ ઉપર જામેલી ચરબીનાં માપનો કરવાનું શોધી કાઢ્યું હતું. આ ચાર માપનો ઉપરથી સમગ્ર શરીરની ચરબીની ટકાવારી જાણી શકાત છે. દા.ત. આપણો એક હાથ સીધો રાખી, બીજા હાથનાં અંગૂઠા અને પહેલી બે આંગણીઓ વડે કોણી અને ખભા વચ્ચેની ભૂજાસ્થિની ચામડીને ૧ સે.મી. જેટલી ઉપર તરફ ખેંચીએ તો તે ચામડીની સાથે તેની નીચે જામી ગયેલી ચરબી પણ ખેંચાઇ આવશે. આ ખેંચાઇ આવેલ ચરબી નીચેનો સ્નાયુ (અહીં દ્વિ-મસ્તક સ્નાયુ - **Biceps)** તેની સાથે ખેંચાઇ આવશે નહીં. કારણ કે, તે તેની નીચેના હાડકાં (અહીં ભૂજાસ્થિ-**Hamerua**) સાથે ચોંટેલો રહેતો હોય છે.



ચરબી દર્શાવતી આકૃતિ



આપ ચામડી અને ચરબી સાથેનાં, ખેંચાઇ આવેલાં બે પડ એક બીજા સાથે સ્પર્શેલી સ્થિતિમાં રહેશે. આ સ્થિતિમાં ચામડી અને ચરબીનું માપન **(Skinfold Measarment)** ભૌતિકશાસ્ત્રનાં વિવિધ માપનો માટે ઉપયોગમાં આવતાં કેલિપર દ્વારા કરવામાં આવે છે. જે નીચેની આકૃતિ ઉપરથી વધારે સ્પષ્ટથી સમજાશે.

આ ચામડી અને ચરબીનાં બે પડ ઉપર સ્ટેજ એટલે કે ૧૦ ગ્રામ/મી.મી. જેટલું દબાણ આપવાનું રહેશે. આ રીતે માપવામાં આવેલું માપ કેલિપરના ડાયલમાં સ્થિર થયેલ દર્શક કાંટા દ્વારા મી.મી.માં માપી તેની નોંધ રાખવાની રહેશે.

આગળ જણાવ્યા મુજબના આપણા શરીરનાં વિવિધ અંગો ઉપર આવેલ વિવિધ સ્નાયુઓ ઉપરની ચરબીનાં માપન નીચે મુજબ લેવામાં રહેશે.

(૧) દ્વિ-મસ્તક સ્નાયુ **(Biceps)** ઉપરની ચરબી સહિત ચામડીની જાડાઈનું માપ.

(૨) ત્રિ-મસ્તક સ્નાયુ **(Triceps)** ઉપરની ચરબી સહિત ચામડીની જાડાઈનું માપ.

(૩) ખભા પાછળ, સુપડી જેવા હાડકાં **(Scapura)**-ની નીચેના ભાગના સબ-સ્કેપ્યુલર **(Sub-Scapuler)** સ્નાયુ ઉપરની ચરબી સહિતની ચામડીની જાડાઈનું માપ.

(૪) કમરના હાડકાંની આગળના ભાગના સુપ્રાઈલિયાક **(Supra Iliac)** સ્નાયુ ચરબી સહિતની ચામડીની જાડાઈનું માપ.

ઉપરોક્ત ચાર માપનોની આકૃતિઓ સહિતની વિગતો તથા જુદી જુદી ઉંમરના સ્ત્રી-પુરૂષોનાં સ્કિન પોલ્ડ માપનો ઉપરથી શરીરની ચરબીની ટકાવારી કોઠા આ પછીના લેખાંકમાં આપવામાં આવશે.

(ક્રમશઃ)

લલિત કલા અકાદમીનો કાર્યક્રમ ૪થી એપ્રિલે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા યોજનારા ૫૩માં રાજ્યકલા પ્રદર્શન તથા ૧૬મી નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન આગામી તા. ૪થી એપ્રિલના બપોરે ત્રણ વાગે ભાઈકાકા ભવન, લૉ ગાર્ડન ખાતે યોજેલ છે. જે તા.૯મી એપ્રિલ સુધી ચાલશે.

સાહિલ પરમારનું 'નિષાદ' પર આજે વકતવ્ય

ગાંધીનગર, તા. ૩૦

મુર્ધન્ય દલિત કવિ શ્રી પ્રવિણ ગઢવીના પાંચમા દલિત કવિતા સંગ્રહ 'નિષાદ' વિશે સાહિલ પરમારનું વકતવ્ય તા. ૩૧મી માર્ચના રોજ આંબેડકર ભવન ખાતે સાંજે પાંચ વાગે યોજાશે.

મધુવન ફાર્મ હાઉસ ખાતે ક્રિકેટ કોચિંગ કેમ્પનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩૦

રાંધેજા રોડ સ્થિત મધુવન ફાર્મ હાઉસ ખાતે પરિશ્રમ એકેડમીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આગામી તા. ૧૪મી એપ્રિલથી અહીં સમર વેકેશન ક્રિકેટ કોચિંગ કેમ્પનો પ્રારંભ થશે. રણજી ટ્રોફી કોચ દ્વારા તમામ ઉંમરના ખેલાડીઓને અદ્યતન સુવિધા અને વૈજ્ઞાનિક પદ્ધતિથી કોચિંગ આપવામાં આવશે. અદ્યતન ગ્રાઉન્ડ, ટર્ફ વિકેટ, મેટીંગ વિકેટ, પ્લાસ્ટર વિકેટ, બોલીંગ મશીન અને વિડીયોગ્રાફી જેવી સુવિધા અહીં ઉપલબ્ધ છે. સાથે રહેવા અને જમવાની સગવડ મળશે. કોચીંગ મેળવવા ઈચ્છુક ખેલાડીઓ નટુભાઈ જે. પટેલનો મો. નં. ૯૪૨૬૩૬૭૧૫૧ અને ધર્મેન્દ્ર પટેલનો મો. નં. ૯૪૨૭૩ ૬૮૩૯૪ પર સંપર્ક સાધી શકે છે.

આર.એચ. પટેલ બી.એડ્. કૉલેજમાં પર્યાવરણ જાગૃતિ અંગે રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાયો

શિક્ષકોએ વિદ્યાર્થીઓ પર જવાબદારી નાખવાંને બદલે દરેકે વ્યક્તિગત પ્રયાસો કરવા જોઇએ : વલ્લભભાઇ પટેલ

ગાંધીનગર, તા. ૩૦

સે.૨૩ સ્થિત કડી સર્વવિદ્યાલય સંકુલમાં આવેલી આર.એચ. પટેલ ઇંગ્લીશ મીડીયમ બી.એડ્. કોલેજ દ્વારા 'શિક્ષકો અને સ્થિર પર્યાવરણનો વિકાસ' વિષય પર એક રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર આજે શરૂ કરવામાં આવ્યો છે. આ સેમિનારમાં વિવિધ સંસ્થાઓ, સરકારી અધિકારીઓ, શિક્ષકો,

સમીર રાબી અને હરકિશનસિંહ વાઘેલા

વિદ્યાર્થીઓ અને અનેક પર્યાવરણવિદો ભાગ લઇ રહ્યાં છે. આ સેમિનાર બે દિવસ ચાલનાર છે જેમાં પર્યાવરણ જાગૃતિ અંગે શિક્ષકોની ભૂમિકા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. વિવિધ સંશોધન પત્રો રજૂ કરવામાં આવનાર છે.

સેમિનારનાં ઉદ્ઘાટન સમારંભમાં ગુડકોસ્ટના વિજ્ઞાની ડો. નરોત્તમ સાહુ, ગીર ફાઉન્ડેશનના ડાયરેકટર ભરત પાઠક, કડી સર્વ વિદ્યાલય સંસ્થાના ચેરમેન વલ્લભભાઇ પટેલ, ડાયરેકટર ડી.ટી. કાપડીયા, તેમજ ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન ડો. વીણાબેન પટેલ હાજર રહ્યા હતા. કોલેજના આચાર્યા ડો. કુસુમ યાદવે સૌનું સ્વાગત કરતા દરેક શિક્ષકો અને વિદ્યાર્થીઓને પર્યાવરણ જાળવણી માટે આગળ આવવા આહવાહન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ સેમિનારમાં કુલ ૧૩૬ રજીસ્ટ્રેશન થયા છે. તેમજ ૬૦ થી વધુ રિસર્ચ પેપર્સ રજૂ કરવામાં આવનાર છે. તેમણે દરેક મહેમાનનું તુલસીનાં કુંડા આપી સ્વાગત કર્યું હતું.

ગુજકોસ્ટના સિનિયર સાયન્ટીસ્ટ ડો. નરોત્તમ સાહુએ તેમનાં પ્રાસંગિક પ્રવચનમાં આવા સેમિનાર યોજવાનો વિચાર કરવા બદલ અભિનંદન પાઠવ્યા જણાવ્યું હતું કે વિવિધ ગ્રુપ બનાવી વિદ્યાર્થીઓ માટે આવા સેમિનાર તેમજ

પર્યાવરણલક્ષી શિબિરોનું સમયાંતરે નિયમિત આયોજન થવું જોઇએ. તેમણે ગ્લોબલ વોર્મિંગની લાંબા ગાળાની અસરો અને તેના આયોજન પર ભાર મૂક્યો હતો. ગીર ફાઉન્ડેશનના ડાયરેકટર ડો. ભરત પાઠકે પાણી બચાવવાનું મહત્વ તેમજ અર્થકારણ સાથે પર્યાવરણનો સંબંધ સમજાવ્યો હતો. તેમણે આવા સેમિનારો પર્યાવરણની જાગૃતિના ચેરમેન વલ્લભભાઇ પટેલે માત્ર શિક્ષકો અને વિદ્યાર્થીઓ પર જવાબદારી નાંખવાને બદલે દરેકે વ્યક્તિગત પ્રયાસો પણ કરવા જોઇએ તેવી ટકોર કરતાં તેમની માર્મિક શૈલીમાં કહ્યું હતું કે આપણએ તો પ્રલય જ કરી નાંખ્યો છે હવે નિર્માણ તરફ આગળ વધવાનું છે. વધુમાં તેમણે આ સેમિનાર માત્ર સંશોધન પત્રો પૂરતો મર્યાદિત ન રહે પરંતુ ખરા અર્થમાં પર્યાવરણ ક્ષેત્રે સમજ વધારવામાં મદદરૂપ બની રહે તે જોવાની તાકીદ કરી હતી. ભોળાભાઇ કોલેજના ડો. જીજ્ઞાસાબેને આભાર વિધી કરી હતી.

વીજળી અને વાહનના વપરાશ પર નિયંત્રણ જરૂરી છે :

ઉદ્ઘાટન સમારંભ બાદ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં એન્વાયરમેન્ટ એન્જિનીયર વિજય ઘાટગે દ્વારા એક પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું જેમાં માનવીની જરૂરિયાતો, અને કુદરતી સંપદાના સમન્વયનું મોડેલ રજૂ કરાયું હતું. તેમણે સ્થિર પર્યાવરણના વિકાસ સામેનાં પડકારો અંગે ધ્યાન દોરતાં ઉર્જા અને વાહનોનાં વપરાશમાં ઘટાડો કરવા ભલામણ કરી હતી. સેમિનારમા ભાગ લઇ રહેલાં એક્શન ગ્રુપ ઇન્ડિયા નામક એનજીઓ સંસ્થાના પ્રેસિડેન્ટ પ્રિયવદન શાહે કેટલાક આંખ ઉઘાડનારા તથ્યો રજૂ કર્યાં હતા. તેમણે જણાવ્યું હતું કે

સન ૨૧૦૦ની સાલ સુધીમાં વિશ્વની ૭૦ % જીવોત્પત્તિ નામશેષ થઇ ગઇ હશે. તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. આખા વિશ્વનો અત્યારે કુલ ૪૦ % વિસ્તાર રણ પ્રદેશ છે. જે ખૂબ જ ઝડપથી વિસ્તરી રહ્યો છે. એન્ટાર્કટીકા ખંડ પરના ઓઝોન પડ પર ૯૦ એમએચનું ગાબડું પડી જવાય ભેગું છે. તેમણે ઉમેર્યું હતું કે ધીમે ધીમે બરફનાં પહાડો પીગળી રહ્યાં હોઇ તેનાથી સમુદ્રના સ્તર ઊંચા આવતાં કિનારાના વિસ્તારો ડૂબી જવા લાગશે. વિશ્વમાં અત્યારે ૨૨૦૦ કરોડ ટન કાર્બન ડાયોક્સાઇટ પેદા થાય છે. જેમાથી અમેરિકા એકટલું ૨૫ % પેદા કરે છે. વાયુ, પાણી, અવાજ તેમજ રેડિયો એક્ટીવ જેવા પ્રદૂષણો અંગે ધ્યાન દોરતાં તેમણે સોલાર, વીન્ડ, ટાઇડલ વગેરે જેવી વૈકલ્પિક ઉર્જાના વપરાશ પર ભાર મૂક્યો હતો.

- બપોર પછી આ સેમિનારમાં સ્થિર પર્યાવરણ વિકાસ ઉપરાંત, પર્યાવરણ સંબંધી શિક્ષણ, ક્લાઇમેન્ટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગ તેમજ તે અંગે શિક્ષકોની ભૂમિકાને લગતાં અનેક વિષયો પર વિવિધ વિચારપત્રો રજૂ કરાયા હતા. મુંબઇથી એસએનડીટીના ડો. હર્ષા મરચન્ટ તેમજ ગુજરાત યુનિ.ના ડો. સંજય ઠાકરે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. આ સેમિનારમાં હજુ આવતીકાલે વિવિધ વિષયો પર ચર્ચા-વિચારણા કરવામાં આવનાર છે.